વ્યાખ્યાતાઓની ભરતી અને નિમણુંકોમાં
લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નેટ/સ્લેટ
રાખવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-એનજીસી-૧૧૦૪/૧૬૫૭/ખ
સચિવાલય ગાંધીનગર
તા- 15 JUN 2010

વંચાણે લીધા-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ-૨૫/૮/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક- એનજીસી-૧૧૦૪/૧૬૫૭/ખ
(૨) શિક્ષણ વિભાગનો તારીખ-૨૮/૩/૨૦૦૬ ઠરાવ ક્રમાંક- એનજીસી-૧૧૦૪/૧૬૫૭/ખ
(૩)યુનિવર્સિટી ગ્રાંટ કમિશન નવી દીલ્હીના તારીખ- ૧૪/૬/૨૦૦૬ના નોટીફીકેશન નં-F-NO-1-1/2002(PS) Examp.
(૪) શિક્ષણ વિભાગનો તારીખ-૧૬/૬/૨૦૦૮ ઠરાવ ક્રમાંક- એનજીસી-૧૧૦૪/૧૬૫૭/ખ
(૫) યુનિવર્સિટી ગ્રાંટ કમિશન નવી દીલ્હીનુ તારીખ-૧૧/૭/૨૦૦૯ નુ નોટીફીકેશન.

ઠરાવ-

૩. રાજ્યની બીન સરકારી અનુદાનપાત્ર વિનયન વિજ્ઞાન વાણિજ્ય શિક્ષણ અને કાયદાની કોલેજોમાં અધ્યાપકની ખાલી જગ્યાઓ તા-૨૫/૮/૨૦૦૫ અને તારીખ-૨૮-૩-૨૦૦૬ના ઠરાવથી ભરવા મંજુરી આપવામાં આવેલ.ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક નં (૩) સામે દર્શાવેલ યુ.જી.સી. ના પત્ર મુજબ તા-૧૬/૬/૨૦૦૮ ઠરાવથી શિક્ષણ વિભાગના તા-૨૫/૮/૨૦૦૫ના ઠરાવના ફકરા -૨ની શરત નં (૩) અને શરત નં (૫)માં જરુરી સુધારો બહાર પાડેલ હતો. હવે યુ.જી.સી.નવી દીલ્હી ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૫) સામે દર્શાવેલ પત્રમાં જણાવ્યા મુજબ શિક્ષણ વિભાગના તા-૧૬/૬/૨૦૦૮ના ઠરાવના ફકરા ૨ ની શરત નં (૩) સુધારીને નીચે મુજબ વાંચવા આથી ઠરાવવામાં આવે છે.

શરત નં :-૩

"યુનિવર્સિટી /કોલેજો /સંસ્થાઓમાં વ્યાખ્યાતાઓની ભરતી અને નિમણુંકોમાં લઘુત્તમ લાયકાત NET / SLETની રહેશે. આ જોગવાઈ દર્શાવ્યા છતાં જે ઉમેદવારે યુનિવર્સિટી ગ્રાંટ કમિશન (લઘુત્તમ માપદંડ અને પી.એચ.ડી.ડીગ્રી માટેની કાર્યવાહી)

Scanned by CamScanner

અધિનિયમ-૨૦૦૯ અંતર્ગત પી.એચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી હશે તેવા ઉમેદવારને NET / SLET ની લઘુત્તમ લાયકાતમાંથી મુક્તિ આપવામાં આવશે. અને તેવા ઉમેદવાર અરજી કરી શકશે.પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પુર્ણ થયા પછી તેમની કામગીરીની સમિક્ષા કર્યા બાદ યોગ્ય જણાયેથી રૂ.૮૦૦૦-૧૩૫૦૦/- ના પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવશે.આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવાવિષયક કોઈ પણ હેતુ માટે ધ્યાનમાં લેવાશે નહી,તેમજ રૂ.૮૦૦૦-૧૩૫૦૦/-પગાર ધોરણ વાળી નોકરી સાથે જોડવામાં આવશે નહી."

૪ શિક્ષણ વિભાગના તા-૨૫/૮/૨૦૦૫ અને તા-૨૮/૩/૨૦૦૬ ના ઠરાવની અન્ય શરતો / જોગવાઈઓ યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિક્ટર મેકવાન

(વિક્ટર મેકવાન)
નાયબ સચિવ
શિક્ષણવિભાગ

પ્રતિ,

-માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
-માન મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી ,સચિવાલય ગાંધીનગર.
-માન. મંત્રીશ્રી શિક્ષણ ના અંગત સચિવશ્રી ,સચિવાલય ગાંધીનગર
_મા.રાક.મંત્રીશ્રી,પ્રાથમિક શિક્ષણ ,સચિવાલય ગાંધીનગર. ના અંગત સચિવશ્રી ,સચિવાલય ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (શિક્ષણ )ના રહસ્ય સચિવશ્રી,શિક્ષણ વિભાગ. સચિવાલય ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ,ગુજરાત રાજ્ય ગાંધીનગર.
-એ.જી.ગુજરાત, અમદાવાદ /રાજકોટ
-નિવાસી તપાસણી અધિકારીશ્રી ,ગાંધીનગર.
-પ્રિન્સિપાલશ્રી,તમામ બીન સરકારી કોલેજો (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી મારફત)
-પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
-નાણા વિભાગ સચિવાલય ગાંધીનગર

Scanned by CamScanner